# <u>છટ્ઠા અધિક સિવિલ જજ અને જ્યુડી. મેજી. ફ.ક., સુરત.</u>

ફોજદારી કેસ નં.

આંકઃ

ફરિયાદીઃ–　　સરકારશ્રી

વિરુદ્ધ

આરોપીઃ–

<u>વિષયઃ– સી.આર.પી.સી.ની ૩૨૧ નીચે કેસ વિડ્રો કરવા બાબતે...</u>

અમો આ કામના ફરિયાદીશ્રી સરકાર તર્ફે નમ્ર અરજ છે કે, સદર કેસ ડોરમેન્ટ કેસના લીસ્ટમાં હોય જે ઘણા વર્ષ જૂનો કેસ છે. સદર કેસનું રેકર્ડ વંચાણે લેતા સદર કેસમાં મુદ્દામાલની કિંમત લક્ષ્યમાં લેતા અને કેસનું રેકર્ડ વંચાણએ લેતા ફરિયાદી આજદિન સુધી પોતાના કેસમાં શું કાર્યવાહી થયેલ છે તે કોઈપણ મુદ્દતે જાતે કે અન્ય કોઈ મારફતે કોઈ ચકાસણી કરેલ કરાવેલ હોય તેવું બનેલ નથી. આમ, સદર કેસ ઘણો જૂનો હોય અને મેરીટ પર કેસનો નિર્ણય કરવો અશક્ય જણાઈ આવતો હોય ન્યાયનાહિતમાં અને અદાલતમાં રહેલ કેસની પેન્ડેન્શી ધ્યાને લઈ હાલનો કેસ જાહેરહિતમાં પાછો ખેંચવો વાજબી અને ન્યાયોચિત જણાઈ આવતો હોય હાલની સી.આર.પી.સી.ની કલમ ૩૨૧ હેઠળની વિડ્રો પુરસીસ રજૂ કરી અદાલતની પરવાનગી માંગતા હોય યોગ્ય હુકમ કરવા નમ્ર અરજ છે.

તા.

સ્થળઃ–　　　　　　------------------

(સરકારશ્રી તર્ફે એ.પી.પી.શ્રીની સહી)

**<u>છઠ્ઠા અધિક સિવિલ જજ અને જ્યુડી. મેજી. ફ.ક., સુરત.</u>**

ફોજદારી કેસ નં.

**<u>આંક–૧ તળે હુકમ</u>**

૧. વિ.એ.પી.પી.શ્રીની સદર કામે આંક– થી કેસ પરત ખેંચવાની વિડ્રો પુરસીસ વંચાણે લીધી. કેસ પેપર્સ વંચાણે લીધા. સદર કેસ ઘણા વર્ષોથી ડોરમેન્ટ પર ચાલી આવેલ છે અને ઘણા લાંબા સમયથી આરોપી પર વોરંટ ચાલતો હોય અને વોરંટની બજવણી થયેલ ન હોય. સદર કેસ મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રી દ્વારા ડોરમેન્ટ પર મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. સદર કેસના રેકર્ડની ચકાસણી કતા સદર ગુનો ઘણા વર્ષો પહેલા પો.સ્ટે.માં નોંધાયેલ છે અઆને આરોપીની સામે ઘણા લાંબા સમયથી વોરંટની બજવણી થયેલ નથી. આમ, કેસની હકીકત, મુદ્દામાલ તેમજ ફરિયાદીને પણ હાલના કેસને આગળ ચલાવવામાં રસ હોય તેવું કેસનું રેકર્ડ વંચાણે લેતા પ્રથમ દર્શનીય જણાઈ આવતુ નથી.

૨. વધુમાં નામદાર મુખ્ય જિલ્લા અદાલત, સુરતનો પરિપત્ર આઇ.બી.નં.૧૨/૯૫/૨૦૨૧ તા.૧૩/૦૮/૨૦૨૧ વંચાણે લેતા, જૂના કેસના ઝડપી નિકાલ માટેની જિલ્લાની તમામ અદાલતોને સૂચના આપવામાં આવેલ છે અને તે સૂચનાને લક્ષ્યમાં રાખીને અત્રેની અદાલતમાં મારા પુરોગામી ન્યાયાધીશ દ્વારા મુકવામાં આવેલ તમામ કેસોના રેકર્ડ ચેક કરતા તેમાંથી હાલનો કેસ મળી આવેલ છે. જે ઘણા વર્ષો જૂનો છે અને સદર કેસને બોર્ડ ઉપર ચાલુ રાખવાથી તેનો આખરી નિકાલ મેરીટ પર થાય તેવી કોઈ શક્યતાઓ જણાઈ આવતી નથી.

૩. આમ, સદર કેસમાં ત.ક.અમલદાર અગર તો સંબંધિત પો.સ્ટે.ના બજવણી કરનાર કર્મચારી આરોપી સામેના વોરંટની બજવણી કરવામાં શરૂઆતથી નિષ્ફળ નિવડેલ હોય અને આજદિન સુધી આરોપી મળી આવેલ નથી તેમજ ફરિયાદીને પણ હાલના કેસને આગળ ચલાવવામાં રસ હોય તેવું કેસનું સમગ્ર રેકર્ડ વંચાણે લેતા પ્રથમ દર્શનીય જણાઈ આવતુ ન હોય ક્રિમી.પ્રો.કોડની કલમ–૩૨૧ અન્વયે આ ફોજદારી કેસ પરત ખેંચવા વિ.એ.પી.પી.શ્રીને પરવાનગી આપવામાં આવે છે.

૪. સદર કેસ વિ.એ.પી.પી.શ્રીની ક્રિમી.પ્રો.કોડની કલમ–૩૨૧ની વિડ્રો પુરસીસને આધારે ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૫. સદર કેસમાં જો મુદ્દામાલનો વચગાળાનો હુકમ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ કરેલ હોય તો તેને આથી કાયમ કરવામાં આવે છે અને જો વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો કાયદેસરની કાર્યવાહી અનુસરી મુદ્દામાલનો નિકાલ કરવાનો રહેશે.

૬. હુકમ આજરોજ તા. ની નેશનલ લોક અદાલતની સ્પેશયલ સીટિંગમાં જાહેર કર્યો.

તા.<br>
સ્થળ–સુરત.

(એમ.એચ.વાઘેલા)<br>
છઠ્ઠા અધિક સિવિલ જજ અને<br>
જ્યુડી.મેજી. ફ.ક., સુરત<br>
Unique Id Gj 01339